# હરિયાણા અને મહારાષ્ટ્રમાં મોદીની પ્રચંડ લહેર

## મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી ૧૨૨ બેઠક જીતી : હરિયાણામાં ૪૭ બેઠકો

નવી દિલ્હી,તા. ૧૯

મહારાષ્ટ્ર અને હરિયાણામાં નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે ભાજપે ઐતિહાસિક જીત મેળવવામાં સફળતા મેળવી છે. એક બાજુ



હરિયાણામાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી છે જ્યારે બીજી બાજુ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવીને ભાજપે ઈતિહાસ સર્જ્યો છે. આજે સવારે મતગણતરીની પ્રક્રિયા શરૂ થયા બાદથી જ પરિણામો આવવાની શરૂઆત થઈ હતી. પ્રવાહ મળવાની શરૂઆત થતાં જ સ્પષ્ટ થઈ ગયું હતું કે, બંને રાજ્યોમાં નરેન્દ્ર મોદીની લહેર જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં તમામ ૨૮૮ બેઠકોના પરિણામ મોડી સાંજે જાહેર થઈ ગયા હતા જે પૈકી ભાજપ અને સાથી પક્ષોએ ૧૨૨ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. બીજી બાજુ શિવસેના બીજા નંબરની પાર્ટી તરીકે ઉભરી હતી. શિવસેનાને ૬૩ સીટો મળી હતી. સૌથી કફોડી હાલત ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી સામે આંગળી ઉઠાવનાર મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની થઈ હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને ૨૮૮ બેઠકો પૈકી માત્ર એક જ બેઠક મળી હતી. બીજી બાજુ કોંગ્રેસ ૪૨ અને એનસીપી ૪૧ બેઠકો જીતવામાં સફળ રહી હતી. ભાજપની શાનદાર જીતની સાથે જ કોંગ્રેસ અને એનસીપીના ગઠબંધન શાસનનો અંત આવી ગયો છે. બીજી બાજુ હરિયાણામાં ભાજપે ઐતિહાસિક દેખાવ કરીને ૪૭ બેઠકો જીતી લીધી છે. ભાજપે વિધાનસભાની ૯૦ બેઠકો પૈકી ૪૭ બેઠકો જીતી લેવામાં સફળતા મેળવી છે. ચૂંટણી ઈતિહાસમાં હરિયાણામાં ભાજપની આ સૌથી શાનદાર સફળતા છે. આઈએનએલડીને ૧૯ બેઠક અને કોંગ્રેસને ૧૫ બેઠકો મળી છે. હરિયાણામાં પણ ભૂપેન્દ્રસિંહ હૂડાના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારનો સફાયો થયો છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ અને હરિયાણમાં ૯૦ બેઠકોની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. પરિણામોને લઈને ભારે ઉત્સુકતા રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર અને હરિયાણામાં સઘન સુરક્ષા વચ્ચે ૧૫મી ઓક્ટોબરના દિવસે શાંતિપૂર્ણ વાતાવરણમાં મધ્યમથી ભારે મતદાન થયું હતું. એક બાજુ હરિયાણામાં રેકોર્ડ ૭૩ ટકાથી વધુ મતદાન થયું હતું. બીજી બાજુ મહારાષ્ટ્રમાં ૬૩થી ૬૫ ટકા વચ્ચે મતદાન થયું હતું. બંને રાજ્યોમાં મતદાન યોજાયા બાદ તમામ રાજકીય પક્ષોએ પોતપોતાની જીતના દાવા કર્યા હતા. મહારાષ્ટ્રમાં ૧૬૯૯ અપક્ષ સહિત ૪૧૧૯ ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો થયો હતો. કોંગ્રેસે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૮૭ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે ભાજપે ૨૮૦ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે શિવ સેનાએ ૨૮૨, એનસીપીએ ૨૭૮ અને એમએનએસે ૨૧૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. આ તમામ ઉમેદવારોના ભાવિ આજે જાહેર કરી દેવામાં આવ્યા હતા. અનેક મોટા માથાઓની હાર થઈ હતી જેમાં કોંગ્રેસના નારાયણ રાણેની કારમી હાર થઈ હતી. આ ઉપરાંત હરિયાણામાં હિસારમાં સાવિત્રી જિંદાલની પણ કારમી હાર થઈ હતી. હરિયાણમાં ૧૦૯ મહિલા સહિત ૧૩૫૧ ઉમેદાવારોના ભાવિનો આજે થયો હતો. મહારાષ્ટ્રમાં ૨૮૮ અને હરિયાણામાં ૯૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું. ૨૦૦૯ની ચુંટણીમાં કોંગ્રેસે ૮૨, એનસીપીએ ૬૨, શિવસેનાએ ૪૫, ભાજપે ૪૭ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિની ૨૯ અને અનુસૂચિત જનજાતિની ૨૫ બેઠકો છે. વડાપ્રધાન મોદીએ પણ આક્રમક પ્રચાર કરીને કોંગ્રેસ અને અન્યો પર પ્રહારો કર્યા હતા.હરીફ પાર્ટીઓએ પણ મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણામાં ૧૧ રેલીઓને સંબોધી હતી જેના કારણે પક્ષને સીધો ફાયદો થયો છે. બીજી બાજુ પોતાની હાર સ્વિકારી લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હૂડાએ આશા વ્યક્ત કરી છે કે, વિકાસનો દોર યથાવતરીતે આગળ વધશે. છેલ્લા ૧૦ વર્ષમાં જે વિકાસ થયો છે તે આગળ વધશે. ભુપેન્દ્રસિંહ હૂડાએ વધુ વાત કરી ન હતી. બીજી બાજુ કેટલીક જગ્યાઓએ પરિણામ ખુબ જ આશ્ચર્યજનક રહ્યા હતા. સુષ્મા સ્વરાજના નજીકના સાથી ગણાતા લતિકા શર્માની કાલકા બેઠક પરથી જીત થઈ હતી. બીજી બાજુ મુખ્યમંત્રી પદના દાવેદાર અને આરએસએસના સભ્ય મનોહરલાલ ખટ્ટરની કર્નાલ બેઠક પરથી જીત થઈ હતી. કોંગ્રેસના જે મોટા માથાઓની હાર થઈ હતી તેમાં મહેન્દ્ર પ્રતાપસિંહ અને સ્વર્ગસ્થ મુખ્યમંત્રી બંસીલાલના પુત્ર અને હરિયાણા ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ રણબીરસિંહનો સમાવેશ થાય છે.

**મહારાષ્ટ્ર પરિણામ......**

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૨૮૮ |
| પરિણામ જાહેર | ૨૮૮ |
| ભાજપ | ૧૨૨ |
| શિવસેના | ૬૩ |
| કોંગ્રેસ | ૪૨ |
| એનસીપી | ૪૧ |
| એમએનએસ | ૦૧ |
| અન્યો | ૧૯ |

**હરિયાણા પરિણામ......**

| | |
|---|---|
| કુલ વિધાનસભા બેઠક | ૯૦ |
| પરિણામ જાહેર | ૯૦ |
| ભાજપ | ૪૭ |
| આઈએનએલડી | ૧૯ |
| કોંગ્રેસ | ૧૫ |
| એચજેસીબીએલ | ૦૨ |
| અન્યો | ૦૭ |



**ભાજપના પીઢ નેતા અડવાણીનો સ્પષ્ટ અભિપ્રાય**

## શિવસેના સાથે જોડાણ કરીને સરકાર રચાય તે ખુબ જરૂરી

અમૃતસર,તા. ૧૯

ભાજપના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણીએ મહારાષ્ટ્રમાં સરકારની રચના કરવા તેના સૌથી જુના સાથી શિવસેના અને ભાજપ વચ્ચે ફરીવાર જોડાણની તરફેણ કરી છે. એનસીપી સાથે કોઈપણ જોડાણ કરવાની વાત અડવાણીએ ફગાવી દીધી છે. અડવાણીએ કહ્યું છે કે, જો જુના સંબંધો ફરી તાજા બને છે તો આ બાબત ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં બહુમતિ માટે ઉપયોગી રહેશે અને અસરકારક સરકાર બની શકશે. પત્રકારો સાથે વાતચીત કરતા અડવાણીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર જેવા મહત્વપૂર્ણ રાજ્યમાં ગઠબંધનની જરૂર પડી છે.



આવી સ્થિતિમાં ભાજપ અને શિવસેના સાથે આવે તો પક્ષને ફાયદો થશે. સંબંધો ક્યારે પણ તુટવા જોઈતા ન હતા તેવી વાત તેઓ પહેલા પણ કરી ચુક્યા છે. વિધાનસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે, લોકસભા ચૂંટણીમાં જેવો માહોલ હતો તેવો જ માહોલ બનેલો છે. શિવસેના અને ભાજપ દ્વારા જુદી રીતે ચૂંટણી લડવાનો નિર્ણય કરવામાં આવ્યો ત્યારે ખુબ દુખ થયું હતું. એનસીપી સાથે કોઈ જોડાણની શક્યતાને અડવાણી નકારી કાઢી હતી. બંને પક્ષોને એક મંચ ઉપર લાવવા કોઈ પ્રયાસ કરાશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, તેમની પાર્ટી અને શિવસેના તરફથી જો લોકો દ્વારા કહેવામાં આવશે તો ચોક્કસપણે સંબંધો માટે પ્રયાસ કરશે.

**બંને રાજ્યોમાં હાર બાદ રજૂઆત**

## પ્રિયંકા વાઢેરાને લાવવા માટે કાર્યકરોની માંગણી

નવીદિલ્હી, તા. ૧૯

મહારાષ્ટ્ર અને હરિયાણા બંને રાજ્યોમાં કોંગ્રેસની હાર થયા બાદ પક્ષના કાર્યકરો ફરી એકવાર સક્રિય રાજકારણમાં પ્રિયંકા ગાંધીને લાવવા માટેની માંગ કરી રહ્યા છે. એઆઈસીસી ઓફિસની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા પક્ષના કાર્યકરોએ કહ્યું હતું કે, પ્રિયંકા ગાંધી સક્રિય રાજકારણમાં સામેલ થવાથી કોંગ્રેસને ફાયદો થઈ શકે છે. કાર્યકરો આજે મળેલી હારને લઈને નિરાશ દેખાઈ રહ્યા હતા. પ્રિયંકા ગાંધીને સક્રિય રાજકારણમાં લાવવાની માંગ પહેલી વખત કરવામાં આવી નથી. અગાઉ પણ આ પ્રકારની માંગણી કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરવામાં આવી ચુકી છે પરંતુ પ્રિયંકાએ હંમેશા આ પ્રકારની માંગને રદિયો આપ્યો છે. બંને રાજ્યોમાં આજે હારના સંકેત મળ્યા બાદ એઆઈસીસી ઓફિસની બહાર કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા અને આ લોકોએ પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતારવાની માંગ કરી હતી. આવનાર દિવસોમાં કોંગ્રેસમાં આ સંદર્ભમાં ચર્ચાવિચારણા કરવામાં આવે તેવી શક્યતા છે. પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી તેમની બહેનને સક્રિય રાજકારણમાં લાવવા ભૂમિકા ભજવે તેવી માંગણી પણ થઈ રહી છે. મોદીની આગેકૂચને રોકવા માટે કોંગ્રેસને સંપૂર્ણ તાકાત સાથે આગળ વધવાની જરૂર છે.

## મોદી લહેર સુનામીની જેમ છે જે વિરોધીઓનો સફાયો કરી રહી છે

નવીદિલ્હી,તા. ૧૯

ભાજપના પ્રમુખ અને ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહેલા અમિત શાહે બંને રાજ્યોના ચૂંટણી પરિણામ આવી રહ્યા હતા ત્યારે બપોર બાદ પત્રકાર પરિષદ યોજીને દાવો કર્યો હતો કે, દેશભરમાં મોદી મેજિક અકબંધ છે અને મોદી લહેર સુનામીની જેમ ત્રાટકી રહી છે. અમિત શાહે કહ્યું હતું કે, બંને રાજ્યોમાં ભાજપને ઐતિહાસિક જીત થઈ છે. ભાજપને પણ અગાઉ ક્યારે પણ આવી જીત આ બંને રાજ્યોમાં મળી ન હતી. અમિત શાહે પત્રકાર પરિષદ યોજી હતી અને કહ્યું હતું કે, અમારુ કોંગ્રેસ મુક્ત અભિયાન મિશન બે પગલા આગળ વધ્યું છે. કારણ કે કોંગ્રેસ પાર્ટી બંને



રાજ્યોમાં વિરોધ પક્ષના નેતાના હોદ્દા મેળવી શકે તેવી સ્થિતિમાં પણ નથી. તેમણે કહ્યું હતું કે, કેન્દ્રમાં મોદી સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરી અને શાનદાર દેખાવ પર મતદારોએ મહોર મારી દીધી છે. બંને રાજ્યોમાં નરેન્દ્ર મોદી દ્વારા યોજવામાં આવેલી રેલીને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. બંને રાજ્યોમાં જે પરિણામ મળ્યા છે તેનાથી તમામ ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. મોદી લહેર સુનામીની જેમ છે જે વિરોધ પક્ષોનો સફાયો કરી દેશે. શાહે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં નંબર ગેમને લઈને પ્રશ્નો પુછવામાં આવી રહ્યા છે. શિવસેનાના સંદર્ભમાં વાત કરતા અમિત શાહે કહ્યું હતું કે, અમે ક્યારે પણ તેની સાથે સંબંધ તોડ્યા ન હતા. મુંબઈ કોર્પોરેશનમાં શિવસેનાને અમારો ટેકો છે. આ ઉપરાંત કેન્દ્રમાં પણ મોદી સરકારમાં તેના પ્રધાન રહેલા છે. શાહે કહ્યું હતું કે, હવે ઝારખંડ અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી આવશે. ત્યારબાદ આસામમાં ચૂંટણી યોજાશે. તમામ જગ્યાએ ભાજપ શાનદાર દેખાવ કરી રહ્યો છે તેવો દાવો અમિત શાહે કર્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે, શિવસેના દ્વારા અમને જેટલી સીટ લડવા માટે આપી રહી હતી તેટલી સીટો અમે જીતી ચુક્યા છે. મોદી સરકારની અસરકારક કામગીરીથી લોકો પ્રભાવિત છે. ગઠબંધન તોડવાની વાત અમે ક્યારેય કરી ન હતી.

## સાવિત્રી જિન્દાલની હિસાર બેઠક પરથી કારમી હાર થઈ

ચંદીગઢ,તા. ૧૯

દેશમાં સૌથી અમીર મહિલા અને હિસ્સાર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતારનાર સાવત્રી જિંદાલની કારમી હાર થઈ છે. અધિકારીઓએ આજે આ અંગેની માહિતી આપી હતી. વર્ષ ૨૦૦૫-૨૦૦૯માં ચૂંટાઈ આવેલા સાવિત્રી જિંદાલ વિદાય લઈ રહેલી ભૂપેન્દ્રસિંહ હૂડાના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારમાં પ્રધાન તરીકે હતા. તેમની ભાજપના ઉમેદવાર કમલ ગુપ્તા સામે ૧૩૬૪૬ મતે હાર થઈ છે. અબજોપતિ ઉદ્યોગપતિ અને રાજકારણી નવીન જિંદાલના માતા સાવિત્રી જિંદાલ મતગણતરી દરમિયાન સતત પાછળ રહ્યા હતા. તેઓ હિસ્સાર બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે હતા. તેઓ અબજો રૂપિયાના ઓપી જિંદાલ ગ્રુપના ચેરપર્સન પણ છે જે સ્ટીલ, પાવર અને માઈનિંગ સેક્ટરમાં સક્રિય છે. ઓપી જિંદાલ ગ્રુપના ચેરમેનની હારને લઈને ભારે આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે. ફોર્બ્સ મેગેઝિન દ્વારા ૨૦૦૮માં દેશના સૌથી અમીર મહિલા તરીકે તેમને જાહેર કરવામાં આવ્યા હતા. બિઝનેસ મેગેઝિન દ્વારા ઓક્ટોબર મહિનામાં જારી કરવામાં આવેલી યાદીમાં પણ સાવિત્રી જિંદાલ સૌથી અમીર મહિલા તરીકે રહ્યા હતા. તેઓ ભારતના અમીર લોકોની યાદીમાં ૧૨માં સ્થાને છે.

## ઈન્ફોસીસમાં એલઆઈસી દ્વારા ફરી વધારવામાં આવેલી હિસ્સેદારી

નવીદિલ્હી, તા. ૧૯

દેશની મહાકાય વીમા કંપની એલઆઈસીએ ઈન્ફોસીસમાં તેની હિસ્સેદારીને વધારી દીધી છે. સાથે સાથે ૧૪૦૦ કરોડના શેરની ખરીદી કરી છે. જુલાઈ-સેપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન ૧૪૦૦ કરોડના શેરની ખરીદી કરવામાં આવતા આને લઈને ભારે ચર્ચા રહી છે. સોફ્ટવેર સર્વિસ કંપનીમાં એલઆઈસી દ્વારા શેર ખરીદી સતત બીજા ત્રિમાસિક ગાળામાં કરવામાં આવી છે.

એલઆઈસી દ્વારા શેર ખરીદીની વાસ્તવિક તારીખ જાહેર કરવામાં આવી નથી. ઈન્ફોસીસના નવા સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર વિશાળ સિક્કાએ ઓગષ્ટમાં કંપનીની જવાબદારી સંભાળી લીધા બાદ ઈન્ફોસીસની સ્થિતી સતત સુધરી રહી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે શેરબજારમાં સૌથી મોટા સંસ્થાકીય મુડીરોકાણકાર તરીકે એલઆઈસી ઈન્ફોસીસમાં જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળા દરમિયાન ૩.૨૫ ટકા હિસ્સેદારી દરાવતી હતી. જે ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૪ દરમિયાન વધીને ૪.૪૫ ટકા થઈ ગઈ છે. એપ્રિલ-જુન ત્રિમાસિક ગાળા દરમિયાન એલઆઈસીની દેશની બીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપનીમાં હિસ્સેદારી ૩.૭૧ ટકા હતી. એલઆઈસી જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળા બાદથી ઈન્ફોસીસમાં સતત હિસ્સેદારી વધારી રહી છે. શેરબજાર પાસેથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગયા વર્ષ બાદથી સોફ્ટવેર કંપનીમાં તેની હિસ્સેદારી ઘટાડાઈ હતી. ૩૦મી જુન ૨૦૧૩ના અંતે આઈટી કંપનીમાં તેની હિસ્સેદારી ૬.૭૨ ટકા હતી. એલઆઈસી ઉપરાંત ડીઆઈઆઈ દ્વારા ઈન્ફોસીસમાં તેમની હિસ્સેદારી વધારી દીધી છે. ઈન્ફોસીસમાં તેની હિસ્સેદારી ૧૪.૪૮ ટકા કરી હતી.

**મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)**

મિત્રો, જો તમે ધારો તો આખાય દેશમાંથી આતંકવાદને જડમૂળમાંથી દૂર કરી શકો છો. કેમકે તમારા હાથ સુધી બોમ્બ લાવનાર વ્યક્તિની સાંકળ છેક દિલ્હી, દુબઈ-પાકિસ્તાન, તાલિબાન, બાંગ્લાદેશ કે અમેરિકા સુધી પહોંચેલી હોય છે. માત્ર તમારું એક 'સત્ય' કે 'સમર્પણ' આ આખી સાંકળને તોડી શકે છે. તમે આતંકવાદી-ગુનેગારોને તાબે થઈને ડરથી કે લાલચથી બોમ્બ ધડાકા કરીને તમારી કોમનું કે તમારા ધર્મનું કે પરિવારનું રક્ષણ નથી કરતા ઉલ્ટાનું એમની માથે જોખમ વધારો છો. એના કરતા તો બોમ્બ ફોડનારી તમારી સૌથી છેલ્લી અને મહત્ત્વની ટીમ ભેગી થઈને સમર્પણ કરીને સત્ય પ્રગટ કરી દો તો કદાચ આતંકની આખી સાંકળ મૂળ સોતી તૂટી જશે અને આખા દેશમાં શાંતિ-અમન સ્થપાશે.

મિત્રો, શું તમો એવું નથી ઈચ્છતા કે તમારા બાળકોના હાથમાં 'ગન' ને બદલે 'ગુલાબ'નું ફૂલ હોય ? તમારી પત્ની કે માતાની આંખમાં આંસુને બદલે હોઠો ઉપર હાસ્ય હોય. તમારા ભાઈ કે પિતાની આંખમાં ડરને બદલે આત્મસંતોષ હોય! એક વખતની માફી દુશ્મનને બીજી વખત વાર કરતા રોકે છે. બીજી વખતની માફી દુશ્મનને પસ્તાવો કરાવે છે અને ત્રીજી વખતની માફી દુશ્મનને દોસ્ત બનાવે છે. જ્યારે અહિંયા તો કોઈ દુશ્મન નથી. જે છે તે સત્તા અને સંપતિની રાજરમત છે. હિન્દુ હોય કે મુસ્લિમ... કોઈ નેતાને, કોઈ ધર્મના વડાને... જ્ઞાતિ-જાતિ કે ધર્મ સાથે લેવા-દેવા નથી. એ બધા એશ-આરામમાં જીવે છે, સુરક્ષામાં જીવે છે અને મરે છે માત્ર હિન્દુ કે મુસ્લિમ પ્રજા... ગરીબ પ્રજા...

હે આતંકવાદી મિત્રો, હવે થોડું સમજો...! 'ગીતા'માં કૃષ્ણએ અને કુરઆનમાં ખુદાએ કહ્યું છે કે દરેકને પોતાના કર્મનું ફળ અહિંયા જ મળે છે. આવું કહેનાર ખુદા કે ઈશ્વર ઉપર તમને ભરોસો નથી અને લોહી તરસ્યા સત્તા-સંપતિના ખલનાયકો ઉપર તમે વિશ્વાસ રાખો છો ? આ બધા મહા ખલનાયકોએ, મોતના સોદાગરોએ 'બદલો' લેવા માટે મહિનાઓ સુધી પ્લાનિંગ કરવા પડે છે જ્યારે ઈશ્વર - ખુદાનો 'બદલો' એક જ ક્ષણમાં હોય છે. આટલું સત્ય સમજી જશો તો આવનાર વર્ષોમાં હિન્દુસ્તાન વિશ્વની સૌથી મોટી મહાસત્તા હશે અને અહિંયા વસતા તમામ માનવ સુખી અને સમૃદ્ધ હશે એ વખતે કદાચ તમે વૃદ્ધ હશો પણ તમારું બાળક તમને પવિત્ર કુરઆનની આયાતો સંભળાવતું હશે અને તમારી આંખમાંથી વહેતા હશે હર્ષના અશ્રુઓ...!

**શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)**

તેમની ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ માટે 'દિલ્હી રત્ન એવોર્ડ' 'વૈશ્યરત્ન એવોર્ડ', 'કર્મયોગી એવોર્ડ', 'લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડ' અને 'લાયન્સ કલબ એવોર્ડ' મળેલ છે. તેમણે યુ.એસ.એ., યુ.કે, બેલ્જિયમ, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા, ચીન, ન્યુઝીલેન્ડ, હોંગકોગ, પૂર્વ મહાદ્વીપ ક્ષેત્રો અને અન્ય યુરોપીયન દેશોની યાત્રાઓ કરી છે અને ત્યાં ભાષણો, બેઠકો સલાહ અને માર્ગદર્શન આપ્યાં છે.

રાજનેતા હોય કે અભિનેતા, શિક્ષક હોય કે વિદ્યાર્થી સામાન્ય નાગરીક હોય કે વેપારી તમામને જીવનમાં ડગલને પગલે સફળતા મેળવવા સંઘર્ષ કરવો પડે છે. તેમાં આત્મવિશ્વાસપૂર્વક પ્રયત્ન થાય ત્યારે જ સફળતા પ્રાપ્ત થાય છે. આજના યુગમાં નિરાશા, હતાશા અને નકારાત્મક વિચારથી ઘેરાયેલા માનવી માટે આત્મવિશ્વાસ જ સફળતાનો આધાર બની શકે તેમ છે.

**આત્મવિશ્વાસ સફળતાનો આધાર**
**લેખક - રામ કૈલાશ ગુપ્તા**
**પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન**
**૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્સ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**પૃષ્ઠ-૧૫૨, કિંમત - રૂા. ૧૨૦/-**
**આવૃત્તિ - ૨૦૧૩**

## સની લિયોનનુ સંપૂર્ણ ધ્યાન ભારતીય ફિલ્મો પર કેન્દ્રિત

મુંબઈ,તા. ૧૯

બિગ બોસ શો મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકેલી અને હાલ લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચેલી સેક્સી અભિનેત્રી સની લિયોને કહ્યું છે કે તે હાલ ભારતીય ફિલ્મોમાં વધારે ધ્યાન આપી રહી છે.હિન્દી ફિલ્મોમાં લોકપ્રિયતા અને સફળતા મળી રહી છે ત્યારકે તે હવે તે પોર્ન ફિલ્મોમાં કામ કરવાની કોઈ યોજના ધરાવતી નથી. વર્ષ ૨૦૧૨માં રજૂ થયેલી ફિલ્મ જીસ્મ-૨ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકેલી અભિનેત્રી સની લિયોને કહ્યું છે કે તે તેની બોલિવુડની કેરિયરને લઈને ખુબ ખુશ છે. તેનુ કહેવુ છે કે તેની ઓળખ એક પોર્ન સ્ટાર તરીકે થાય તેમ તે ઈચ્છતી નથી. સની લિયોને એમ પણ કહ્યું છે કે બિગ બોસના ઘરમાં એન્ટ્રી કરતા પહેલા જ તે પોર્ન ફિલ્મોમાં કામ કરવાનુ છોડી ચુકી હતી. હવે તે ક્યારેય પણ પોર્નફિલ્મમાં કામ કરનાર નથી. સની લિયોનને આ વર્ષે રજૂ થયેલી ફિલ્મ રાગીણી એમએમએસ-૨ મારફતે લોકપ્રિયતા મળી હતી. સની લિયોનની આવનારી ફિલ્મોમાં ટીના એન્ડ લોલોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તે ટીવી શો સ્પ્લિટ્સવિલાની સિઝન સાતમાં પણે નજરે પડી રહી છે. સની લિયોનને એક પછી એક સારી ફિલ્મોની ઓફર થઈ રહી છે. સની લિયોન બોલિવુડમાં એક અભિનેત્રી તરીકે હવે સફળ થઈ રહી છે. જો કે તે ટોચની અભિનેત્રી તરીકે ઉભરી આવવા માટે તે સજ્જ છે.

આના માટે તે વ્યાપક તૈયારી સતત કરી રહી છે. સાથે સાથે સની લિયોન ફિટનેસને લઈને પણ ભારે ઉત્સાહિત રહે છે. તે ફિલ્મોમાં પોતાની ભૂમિકાને ન્યાય આપવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. સની લિયોન પાસે હાલમાં આઈટમ સોંગ અને મોટી ભૂમિકાવાળા અનેક ફિલ્મો છે. તે માત્ર હિન્દી ફિલ્મોમાં જ નહી બલ્કે દક્ષિણ ભારતની ફિલ્મોમાં પણ કામ કરી રહી છે. જેમાં તે સફળ સાબિત થઈ રહી છે.

## ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે એક ટ્રિલિયન ડોલરની જરૂર

નવી દિલ્હી,તા. ૧૯

ઈન્ફ્રાસ્ટકચર સેક્ટરમાં વ્યાપક ફેરફાર કરવા અને તેને વધુ અસરકારક બનાવવા માટે આગામી પાંચ વર્ષમાં ભારતને એક ટ્રિલિયન ડોલરની જરૂર છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં બંદર, વિમાની મથક, હાઈવેનો સમાવેશ થાય છે. ગ્રોથને ઝડપી આગળ વધારવામાં આવે તે જરૂરી છે. સરકાર દેશમાં એફડીઆઈને પ્રોત્સાહન આપવા પગલા લેવામાં આવી રહ્યા છે. સંરક્ષણ મેન્યુફેકચરિંગમાં વિદેશી રોકાણની મર્યાદા વધારીને ૪૯ ટકા કરવામાં આવી ચુકી છે. સાથે સાથે નિર્માણ સેક્ટરમાં પોલીસીને હળવી કરવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સુધારા અતિ જરૂરી બની ગયા છે.